**ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી**

બ્લોક નં. ૧૨, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

ક્રમાંક/કવટ/૨૦૨૦-૨૧/૪૯

તા. ૦૨/૦૧/૨૦૨૧

**પ્રતિશ્રી,**

**આચાર્યશ્રી,**

**સરકારી/બિનસરકારી અનુદાનીત કોલેજો,**

તમામ.

**વિષય : સરકારી/બિનસરકારી અનુદાનીત કોલેજો દ્વારા સ્કોપની પરીક્ષા ફી લેવા બાબત..**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સ્કોપ(સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનીટિ થ્રુ પ્રોફિસીયન્સી ઇન ઇગ્લીશ) એ ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત અંગ્રેજી તાલીમ માટેની સંસ્થા છે. કોલેજમાં ભણતા વિધાર્થિઓ માટે અંગ્રેજીની આવડત વધે તે આજના સ્પર્ધાત્મક યુગમાં જરૂરી બન્યું છે. સરકારી/બિનસરકારી અનુદાનીત તેમજ સ્વ-નિર્ભર કોલેજો સ્કોપનો કાર્યક્રમ ચલાવી શકે અને આ રીતે કોલેજના વિધાર્થિઓ સ્કોપની પરીક્ષા આપીને કેમ્બ્રિજ યુનિવર્સિટીનું સર્ટિફિકેટ પ્રાપ્ત કરવાની તક આપી શકશે. સ્કોપ દ્વારા **CPT/Linguaskill Business (Reading, Listening & Speaking)**ની પરીક્ષા લેવામાં આવે છે. કોલેજોની અંદર લેંગ્વેજ લેબોરેટરી ન હોય તો પણ Only Assessment Scheme (OAS) નો લાભ લઇ તમામ વિધાર્થીઓ ખૂબ જ ઓછી ફી માં આ પરીક્ષા આપી શકે છે. સ્કોપનું સર્ટિફિકેટ મેળવનાર વિધાર્થીઓને પોતાની ભવિષ્યની વ્યવસાયિક કારકિર્દીમાં પણ ફાયદો થાય છે.

સ્કોપ દ્વારા **OAS** યોજના હેઠળ લેવાતી પરીક્ષા ફીનું માળખું આ સાથે સામેલ છે. તમામ કોલેજોને જણાવવામાં આવે છે કે કોલેજો વિધાર્થીઓની સત્ર ફી ની સાથે સ્કોપની ફી પણ લઇ શકશે. હાલમાં LINGUASKILLની નવી પરીક્ષા સ્કોપ દ્વારા શરૂ કરવામાં આવી છે જે BULATS ના પ્રકાર જેવી જ છે. જેની ફી ની વિગત અહીં આપેલ ફી માળખામાં દર્શાવ્યા મુજબની રહેશે. આ સાથે નોંધનીય છે કે ફી માળખામાં દર્શાવ્યા મુજબની જ પરીક્ષાઓ સ્કોપ દ્વારા યોજવામાં આવશે. સ્કોપ વિશે વધારે વિગત સ્કોપની વેબસાઈટ www.scopegujarat.org પર જોઇ શકાશે.

(એમ.નાગરાજન, IAS)

નિયામક, ઉચ્ચ શિક્ષણ અને સી.ઇ.ઓ(સ્કોપ)

બિડાણ:

(૧) સ્કોપ પરીક્ષા ફી માળખાની નકલ

(૨) સ્કોપ પરીક્ષા અંતર્ગત કોવિડ-૧૯ની માર્ગદર્શિકા

(૩) સ્કોપ પોગ્રામની માહિતી.